ટ્રમ્પ સપ્ટેમ્બરમાં પાકિસ્તાન અને ભારતની મુલાકાત લેશે?

ઇસ્લામાબાદને આ અંગે જાણકારી નથી!

વોશિંગ્ટન, તા. 17: યુનાઇટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ આ સપ્ટેમ્બરમાં પાકિસ્તાન અને ભારતની મુલાકાત લઈ શકે છે. એમ રોઇટર્સે ગુરુવારે બે સ્થાનિક ટેલિવિઝન ચેનલોને ટાંકીને અહેવાલ આપ્યો હતો. આ બાબતથી પરિચિત અનામી સૂત્રોને ટાંકીને અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે, ઇસ્લામાબાદમાં ટ્રમ્પના રોકાણ પછી તેઓ ભારતની મુલાકાત લઈ શકે છે. જો આ યાત્રાની પુષ્ટિ થાય તો તે 2006માં જ્યોર્જ ડબ્લ્યુ બુશની ટૂંકી યાત્રા પછી કોઈ અમેરિકન રાષ્ટ્રપતિ દ્વારા પાકિસ્તાનની પ્રથમ મુલાકાત હશે. મે મહિનામાં ચાર દિવસના સંઘર્ષ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ મધ્યસ્થી કરવાના ટ્રમ્પના તાજેતરના દાવાઓને પગલે આ સંભવિત મુલાકાત આવી છે. પાકિસ્તાનના વિદેશ કાર્યાલયના પ્રવક્તાનો જ્યારે રોઇટર્સ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, તેમને હાલમાં રાષ્ટ્રપતિની કોઈ સુનિશ્ચિત મુલાકાત વિશે જાણકારી નથી.

રોબર્ટ વાડ્રા સામે ઈડીની ચાર્જશીટ

વાડ્રાની 37.64 કરોડ રૂપિયાની 43 સંપત્તિઓ જપ્ત

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઈ): હરિયાણાના શિકોહપુરમાં જમીન સોદામાં કથિત ગેરરીતિઓ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ ગુરુવારે કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના ઉદ્યોગપતિ પતિ રોબર્ટ વાડ્રા અને અન્ય 10 લોકો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. આ પહેલી વાર છે જ્યારે કોઈ તપાસ એજન્સીએ 56 વર્ષીય વાડ્રાનું નામ ફોજદારી કેસમાં ફરિયાદ દાખલ કરી છે. ફેડરલ તપાસ એજન્સીએ વાડ્રા અને તેમની સાથે જોડાયેલી કંપનીઓ, જેવી કે, સ્કાય લાઇટ હોસ્પિટાલિટી પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય કંપનીઓ સાથે જોડાયેલી 37.64 કરોડ રૂપિયાની 43 સ્થાવર મિલકતો પણ જપ્ત કરી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ગુરુગ્રામ પોલીસ દ્વારા 1 સપ્ટેમ્બર, 2018ના રોજ દાખલ કરાયેલી એફઆઈઆરના આધારે ચાલી રહેલી તપાસના ભાગ રૂપે 16 જુલાઈ, 2025ના રોજ અંતિમ જપ્તી આદેશ જારી કરવામાં આવ્યો હતો. બુધવારે પીએમએલએ હેઠળ એજન્સી દ્વારા મિલકતો જપ્ત કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. ચાર્જશીટ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ રાઉઝ એવન્યુ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી છે. વાડ્રા, તેમની સાથે જોડાયેલી સ્કાયલાઇટ હોસ્પિટાલિટી પ્રાઇવેટ લિમિટેડ નામની કંપની, સત્યાનંદ યાજી અને કેવલ સિંહ વિર્ક, તેમની કંપની ઓંકારેશ્વર પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય કેટલીક કંપનીઓ સહિત કુલ ૧૧ સંસ્થાઓને આરોપી તરીકે નામ આપવામાં આવ્યા છે. આ મામલો 12 ફેબ્રુઆરી, 2008ના રોજ વાડ્રાની કંપની દ્વારા ઓંકારેશ્વર પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડ પાસેથી ગુરુગ્રામના સેક્ટર 83ના શિકોહપુર ગામમાં 3.53 એકર જમીનની કથિત છેતરપિંડીથી ખરીદી સાથે સંબંધિત છે.

બ્રિટન મતદાન માટે લાયકાતની ઉંમર ઘટાડીને ૧૬ વર્ષ કરશે

લોકશાહીમાં લોકોનો વિશ્વાસ ફરી સ્થાપવા આ પગલું ભરાયું હોવાનો સરકારનો દાવો

યુકેમાં સ્કોટ અને વેલ્સ પ્રદેશોમાં મતદાનની લાયકાતની હાલ આ જ ઉંમર છે

લંડન, તા. ૧૭(પીટીઆઈ) યુકે સરકારે આજે જાહેરાત કરી હતી કે તે ૨૦૨૯ માં અપેક્ષિત આગામી સામાન્ય ચૂંટણી માટે મતદાનની ઉંમર ૧૮ થી ઘટાડીને ૧૬ વર્ષ કરશે, જેનું ગયા વર્ષે ચૂંટાયેલી લેબર પાર્ટીએ વચન આપ્યું હતું. આ પગલું યુકે-વ્યાપી ચૂંટણીઓને સ્કોટલેન્ડ અને વેલ્સ પ્રદેશો સાથે સુસંગત બનાવશે, જે બ્રિટિશ સરકારે એક પેઢીમાં યુકે લોકશાહીમાં સૌથી મોટા ફેરફારો પૈકીના એક તરીકે વર્ણવ્યું હતું. યોજનાઓમાં મતદાન મથકો પર યુકે દ્વારા જારી કરાયેલા બેંક કાર્ડનો ઉપયોગ ઓળખપત્રના સ્વીકૃત સ્વરૂપ તરીકે કરવાની મંજૂરી આપવા માટે મતદાર ઓળખપત્ર પ્રણાલીનો વિસ્તરણ પણ શામેલ છે, જેથી ખાતરી કરી શકાય કે લાયક મતદારો મતદાન કરવાથી વંચિત રહે નહીં.

દુબઈના યુ-ટ્યુબરે રૂ. ૪.૩ કરોડની ફેરારી કારને ઘરમાં ઝુમ્મર બનાવીને લટકાવી!

દુબઇ, તા. ૧૭: દુબઇમાં રહેતા એક યુ-ટ્યુબરે ઇન્ટરનેટ યુઝરોને ત્યારે સ્તબ્ધ કરી દીધા હતા જ્યારે તેણે પાંચ લાખ ડોલર (લગભગ રૂ. ૪.૩ કરોડ)ની મોંઘીદાટ ફેરારી કારને ચલાવવા માટે નહીં પણ પોતાના ઘરમાં ઝુમ્મર તરીકે ટાંગવા માટે ખરીદી હતી અને તેણે પોતાના લીવીંગ રૂમમાં તે કારને લટકાવીને તેનું યુ-ટ્યુબ પર પ્રદર્શન કર્યું હતું.

મોહમ્મદ બિરાગદારી નામનો આ યુ-ટ્યુબર મૂળ તો ઇરાની છે પણ દુબઇમાં રહે છે. સોશ્યલ મીડિયા પર તે મોવ્લોગ્સના નામે જાણીતો છે.

તે સમયે સમયે યુ-ટ્યુબ પર યુએઇમાંની પોતાના અતિ વૈભવશાળી જીવનનું પ્રદર્શન કરતો રહે છે. તેણે પોતાના નવીનતમ વીડિયોમાં પોતાના ફોલોઅર્સ સમક્ષ એક અણધારી વસ્તુ રજૂ કરી હતી. એક ફેરારી કાર તેની છત પરથી લટકી રહી હતી! મારુ નવુ ૫૦૦૦૦૦ ડોલરનું ઝુમ્મર. આ મારી પોતાની શોધ છે... એ મુજબ તેણે કેપ્શનમાં લખ્યું હતું. તેણે જો કે ખુલાસો કર્યો હતો કે ખરેખર તે ફેરારી સ્પોર્ટ્સ કાર નથી પણ જેટ કાર છે જેનો ઉપયોગ પાણીમાં જેટ સ્કી તરીકે થઇ શકે છે.

ઈરાકના એક મૉલમાં આગ ફાટી નીકળતાં ૬૧નાં મોત

પૂર્વ ઇરાકના વાસીત પ્રાંતમાં આ મોલ થોડા સમય પહેલા જ ખુલ્યો હતો

મૃતકોમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ, પ્રાંતમાં ત્રણ દિવસનો શોક જાહેર

બગદાદ, તા. ૧૭(એપી): પૂર્વ ઇરાકના વાસીત પ્રાંતમાં નવા ખૂલેલા એક મોલમાં આગ ફાટી નિકળતા મહિલાઓ અને બાળકો સહિત ૬૦ કરતા વધુ લોકોનાં મોત થયા હતા એમ ઇરાકી અધિકારીઓએ આજે જણાવ્યું હતું. ઇરાકના ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કુટ શહેરમાં બુધવારે મોડી રાત્રે લાગેલી આગમાં 61 લોકોના મોત થયા હતા, જેમાંથી મોટાભાગના લોકો ગૂંગળામણથી મૃત્યુ પામ્યા હતા. મૃતકોમાં 14 મૃતદેહો એટલી હદે બળી ગયા હતા જેમની ઓળખ હજુ સુધી થઈ નથી. નાગરિક સંરક્ષણ ટીમો ઇમારતની અંદર ફસાયેલા 45 થી વધુ લોકોને બચાવવામાં સફળ રહી હતી, એમ નિવેદનમાં જણાવાયુંએક અઠવાડિયા પહેલા જ ખુલેલો મોલ પાંચ માળની ઇમારતમાં હતો જેમાં એક રેસ્ટોરન્ટ અને સુપરમાર્કેટ પણ હતું. જુલાઈ 2021 માં, ઇરાકી શહેર નાસિરિયાહમાં એક હોસ્પિટલમાં લાગેલી આગ, જેમાં 60 થી 92 લોકો માર્યા ગયા હતા. 2023 માં, નિનેવેહ પ્રાંતના હમદાનિયાના ખ્રિસ્તી બહુમતી ધરાવતા વિસ્તારમાં એક લગ્ન હોલમાં આગ લાગવાથી 100 થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા.

બિહારમાં ૧૨ હત્યાઓના આરોપીને કેટલાકે ICUમાં ઘૂસીને ઠાર કર્યો

ચંદન મિશ્રા નામનો આ અપરાધી પેરોલ પર છૂટ્યો હતો અને આઇસીયુમાં સારવાર હેઠળ હતો

બનાવ અંગે છ જણાની અટકાયત, વિપક્ષોએ નીતિશ સરકારની ઝાટકણી કાઢી

પટના, તા. ૧૭: એક શખ્સ, કે જે એક ડઝન જેટલા હત્યાઓના કેસમાં આરોપી હતો અને એક હત્યાના કેસમાં દોષિત ઠર્યો હતો, તે પટનાની એક હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર હેઠળ હતો ત્યારે કેટલાક બંદૂકધારીઓએ અંદર ઘૂસી જઈને ગોળીઓ મારીને તેને મારી નાખ્યો હતો.

મૃતકની ઓળખ ચંદન મિશ્રા(૩૬ વર્ષ) તરીકે થઇ છે. તે બક્સરનો રહેવાસી હતો. તે હાલમાં પેરોલ પર છૂટ્યો હતો અને હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. તેને આઈસીયુમાં રાખવામાં આવ્યો હતો. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે પાંચ સશસ્ત્ર શખ્સો આઈસીયુમાં પ્રવેશે છે અને તેના પર ગોળીબાર શરૂ કરે છે.

અમેરિકાના અલાસ્કાના કાંઠે ૭.૩નો ભૂકંપ: સુનામીની ચેતવણી પછી હજારોનું સ્થળાંતર

વૉશિંગ્ટન, તા. ૧૭: અમેરિકાના અલાસ્કા રાજ્યના કાંઠા નજીકના સમુદ્રમાં ૭.૩ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો જેને પગલે સુનામીની ચેતવણી જારી કરવામાં આવતા હજારો લોકો સલામત સ્થળો તરફ ભાગ્યા હતા. સ્થાનિક સમય પ્રમાણે બુધવારે સાંજે આ બનાવ બન્યો હતો. યુએસ જીઓલોજિકલ સર્વે (USGS) ના જણાવ્યા સ્થાનિક સમય મુજબ બપોરે 12:38 વાગ્યે (4:30pm ET) 7.3 ની તીવ્રતાનો થયો હતો, જે અલાસ્કા દ્વીપકલ્પની દક્ષિણમાં, સેન્ડ પોઈન્ટના દક્ષિણપૂર્વમાં શુમાગિન ટાપુઓ નજીક, પેસિફિક મહાસાગરમાં કેન્દ્રિત હતો. સાયરનો વાગવા માંડી હતી અને કટોકટી ચેતવણીઓ સમગ્ર પ્રદેશમાં ફોન પર જારી કરવામાં આવી હતી જેમાં દક્ષિણપશ્ચિમ અલાસ્કાના વિશાળ વિસ્તાર, હોમર નજીકના કેનેડી પ્રવેશદ્વારથી ઉનાલાસ્કા નજીકના યુનિમાક પાસ સુધીના રહેવાસીઓને તાત્કાલિક સ્થળાંતર કરવાની ચેતવણી આપવામાં આવી.

પાકિસ્તાની લશ્કર પર બલોચ અલગતાવાદીઓના ત્રણ હુમલાઓ: ૩૯ સૈનિકોનાં મોત

કરાચીથી ક્વેટા આવતી બસ પર બીએલએનો આઇઇડી વડે હુમલો: ૨૯ સૈનિકોનાં મોત

બીજા બે હુમલાઓમાં કુલ દસ સૈનિકોનાં મોત, અનેકને ઇજા

ક્વેટા, તા. ૧૭: બલોચ અલગતાવાદીઓ પાકિસ્તાન લશ્કરને નિશાન બનાવીને કરેલા જુદા જુદા ત્રણ હુમલાઓમાં કુલ ૩૯ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. આમાં સૌથી મોટા બનાવમાં બલોચ લિબરેશન આર્મી(BLA)એ સૈનિકોએ લઇને કરાચીથી ક્વેટા આવતી એક બસને નિશાન બનાવી હતી. જે હુમલામાં ૨૯ પાકિસ્તાની સૈનિકોનાં મોત થયા હતા. બસ ઉપર ઇમ્પ્રોવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ(આઇઇડી)થી હુમલો કરવામાં આવ્યોહ હતો એમ જાણવા મળે છે. આ ઉપરાંત હાજર ગંજી અને જાહુ વિસ્તારમાં બે જુદા જુદા હુમલા કરવામાં આવ્યા હતા જેમાં કુલ અન્ય દસ સૈનિકો માર્યા ગયા હતા. આમાંથી પહેલો હુમલો બીએલએ દ્વારા જ હાજર ગંજી વિસ્તારમાં કરવામાં આવ્યો હતો જેમાં તેણે આઇઇડી વિસ્ફોટ કર્યો હતો.

મહારાષ્ટ્ર વિધાન ભવનમાં છૂટા હાથની મારામારી

ભાજપ અને શરદ પવારની પાર્ટીના ધારાસભ્યો લડી પડ્યા

મુંબઈ, તા. 17: આજે (ગુરુવાર) મહારાષ્ટ્ર વિધાનસભા પરિસરમાં અખાડા જેવું દૃશ્ય જોવા મળ્યું હતું. અહીં ધારાસભ્યો વચ્ચે ઉગ્ર મારામારી થઈ હતી. વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, ભાજપના ધારાસભ્યો અને શરદ પવારના પક્ષ (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-શરદચંદ્ર પવાર) વચ્ચે લાતો અને મુક્કાબાજી સાથે ઉગ્ર લડાઈ થઈ હતી. ભાજપના ધારાસભ્ય ગોપીચંદ પડલકર અને એનસીપી (શરદ પવાર જૂથ)ના ધારાસભ્ય જિતેન્દ્ર અવ્હદના સમર્થકો વચ્ચે મારામારી થઈ હતી.

પેજ 3

જન્મદિવસ પહેલાં પ્રિયંકા બીચ પર પતિ નિક સાથે થઈ રોમેન્ટિક



મુંબઈ, તા. 17: પ્રિયંકા ચોપરા જોનાસ માત્ર એક ગ્લોબલ સ્ટાર જ નથી, પરંતુ સોશિયલ મીડિયા પર તેની હાજરી પણ ખૂબ જ ખાસ અને હૃદયસ્પર્શી હોય છે. તે તેના ચાહકો સાથે જોડાયેલી રહેવા માટે સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય રહે છે. તે ચાહકો સાથે તેના વ્યાવસાયિક જીવન તેમ જ અંગત જીવનની ખૂબસૂરત ઝલક શેર કરતી રહે છે. આ દરમિયાન, પ્રિયંકાએ તેના પતિ નિક જોનાસ પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો હતો. એક વીડિયોમાં બંને બીચ પર પ્રેમથી ભરેલી ક્ષણો વિતાવતા જોવા મળે છે. વીડિયોમાં પહેલા નિક બીચ પર એકલો ઊભો છે અને નીચે લખ્યું છે - વિદાઉટ હર - એટલે કે તેણી વગર અને એક ઉદાસી ઇમોજી પણ છે. આ વીડિયોના બેકગ્રાઉન્ડ મ્યુઝિકમાં તેના બેન્ડ જોનાસ બ્રધર્સનું નવું ગીત 'આઈ કાન્ટ લૂઝ' વાગી રહ્યું છે. ગીતની બીટ ઝડપી થતાં જ પ્રિયંકા દોડતી નિક પાસે આવે છે અને તેને ચુંબન કરે છે અને ખૂબ ઉત્સાહથી ગળે લગાવે છે.

કેબીસી 17ના એક એપિસોડ માટે અમિતાભની ફી રૂપિયા 5 કરોડ!

મુંબઈ, તા. 17: ભારતીય ટેલિવિઝનના સૌથી લોકપ્રિય શો 'કૌન બનેગા કરોડપતિ' (કેબીસી)ની 17મી સીઝન ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહી છે. આ શોના હોસ્ટ, બોલીવુડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચન ફરી એકવાર પોતાની અનોખી શૈલી અને આકર્ષક અવાજથી દર્શકોના દિલ જીતવા માટે તૈયાર છે. અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો અમિતાભ બચ્ચન આ સીઝન માટે દરેક એપિસોડ માટે 5 કરોડ રૂપિયા ચાર્જ કરી રહ્યા છે. આ શો અઠવાડિયામાં પાંચ દિવસ પ્રસારિત થતો હોવાથી, તેમની સાપ્તાહિક કમાણી 25 કરોડ રૂપિયા સુધી પહોંચે છે. આ રકમ તેમને ભારતીય ટેલિવિઝન પર સૌથી મોંઘા હોસ્ટ બનાવે છે, જે સલમાન ખાનને પણ પાછળ છોડી દે છે. અહેવાલો અનુસાર, સલમાન ખાન 'બિગ બોસ ઓટીટી 2' માટે પ્રતિ સપ્તાહ એપિસોડ 12 કરોડ રૂપિયા ચાર્જ કરતો હતો.

'કિંગડમ'ની રિલીઝ પહેલા વિજય દેવરકોંડા ડેન્ગ્યૂના કારણે હોસ્પિટલમાં દાખલ

ચેન્નાઈ, તા. 17: અભિનેતા વિજય દેવરકોંડાને ડેંગ્યુ થયાનું નિદાન થયા બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની સારવાર ચાલી રહી છે અને થોડા દિવસોમાં તેમને રજા આપવામાં આવે તેવી અપેક્ષા છે. હોસ્પિટલમાં રોકાણ દરમિયાન તેમનો પરિવાર તેમની સાથે રહીને મદદ કરી રહ્યો છે. તેમની નવી ફિલ્મ 'કિંગડમ'ની રિલીઝ પહેલા જ તેમને સ્વાસ્થ્યની સમસ્યા સર્જાઈ છે. દેવરકોંડા સ્વસ્થમાં સુધારાની સાથે ફિલ્મની ટીમ તેની આગામી રિલીઝ માટે તૈયારી કરી રહી છે. શરૂઆતમાં ૩૦ મેના રોજ રિલીઝ થવાની યોજના ધરાવતી 'કિંગડમ'માં વિલંબ થયો છે, જેના કારણે તેની રિલીઝ ૪ જુલાઈ અને હવે ૩૧ જુલાઈ સુધી લંબાઈ ગઈ છે. ગૌતમ તિન્નાનુરી દ્વારા દિગ્દર્શિત આ એક્શન ફિલ્મ સ્વતંત્રતા પછીના સિંહલ-તમિલ સંઘર્ષની પૃષ્ઠભૂમિ પર આધારિત છે.

ડૉ. પૂજાએ 10 વર્ષમાં ફ્રોઝન એમ્બ્રિયો ટ્રાન્સફર ટ્રીટમેન્ટથી સેંકડો પરિવારોમાં ખુશી ફેલાવી

કેરિયર ઓરીએન્ટેડ દંપત્તિએ નિમાયામાં ભ્રુણ ફ્રોઝન ટ્રીટમેન્ટથી સંતાનસુખ મેળવ્યું

સુરત: આધુનિક જીવનશૈલી, કેરિયરને મહત્વ આપવાના લીધે તેમજ કામમાં સત્તત બિઝી રહેવાને લીધે ઉચ્ચ પદો પર આસીન તેમજ આંત્રપ્રિન્યોર, પ્રોફેસર, વકીલ, ઈજનેર સહિતના પ્રોફેશનલ પોતાની અનુકૂળતાએ સંતાન પ્રાપ્તિ ઈચ્છે છે. જેમાં ક્યારેક વધુ સમય વિતવાને લીધે મોટી ઉંમરે પતિ અને પત્ની બંને માટે કુદરતી રીતે માતા-પિતા બનવાની શક્યતાઓ ઓછી થતી જાય છે. આ સ્થિતિમાં ક્યારેક ક્યારેક બાળક દત્તક લેવાની નોબત આવતી હોય છે. પરંતુ હવે કેરિયર ઓરીએન્ટેડ પ્રોફેશનલ્સ માટે વિખ્યાત તબીબ ડો.પૂજા નાડકર્ણી સિંહ આશિર્વાદરૂપ સાબિત થઈ રહ્યા છે. લગ્નના એક-બે વર્ષ બાદ દંપતિ ભ્રુણ ફ્રોઝન કરી શકે છે અને જ્યારે તેમનું કેરિયર સેટ થઈ જાય ત્યારે તેઓ તેમની અનુકૂળતાએ 5 કે 10 વર્ષ પછી નિમાયામાં ઉપલબ્ધ અત્યંત આધુનિક મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ફ્રોઝન એમ્બ્રિયો ટ્રાન્સફર પદ્ધતિથી પોતાના ફ્રોઝન ભ્રુણ થકી બાળક મેળવી શકે છે. છેલ્લા એક દાયકામાં ડો.પૂજા નાડકર્ણી સિંહ પાસે ગુજરાત સહિત દેશના ખૂણે ખૂણેથી જ નહીં બલ્કે કેનેડા, યુકે, ઓસ્ટ્રેલિયા,આફ્રિકા અને દુબઈ સહિતના ગલ્ફના દેશોથી પ્રોફેશનલ્સ, ડીગ્નિટરીઝ અને સેલિબિરિટીઝ સુદ્ધાં સારવાર લઈ રહ્યા છે. જેની સફળતાની ટકાવારી સારી છે. આ અંગે ડો. પૂજા જણાવે છે કે ફ્રોઝન એમ્બ્રિયો ટ્રાન્સફર ટ્રીટમેન્ટ એકદમ સેફ છે. કપલ તેમના સાનુકૂળ સમયે બાળકને આ પદ્ધતિ થકી જન્મ આપી શકે છે. જે પ્રમાણે કુદરતી રીતે જન્મેલું બાળક સ્વસ્થ હોય છે તેવી જ રીતે આમાં પણ કોઈપણ પ્રકારની ખોડખાપણ વિનાનું બાળક હોય છે. નિમાયાની સુરત, વડોદરા અને અમદાવાદ એમ ત્રણ શાખાઓ છે.

લગ્નના એક-બે વર્ષ બાદ દંપતિ ભ્રુણ ફ્રોઝન કરી 5 કે 10 વર્ષ પછી પણ એ ફ્રોઝન ભ્રુણ થકી બાળક મેળવી શકે છે

હું નિઃશબ્દ છું, ડો. પૂજાનો આભાર વ્યકત કરવા મને શબ્દો જડતા નથી

એક ઉચ્ચ શિક્ષિત અને કેરિયર ઓરીએન્ટેડ મહિલા માટે કારકિર્દી અને પરિવાર વચ્ચે સંતુલન સાધવાનું કાર્ય ઘણું અઘરું છે. હું એક પ્રતિષ્ઠિત કોલેજમાં પ્રોફેસર છું, લગ્ન બાદ હું અને મારા પતિ અમે બંને તરત બાળક ઇચ્છતા ન હતા. એના પાછળનું કારણ અમારા બંનેની વ્યવસાયિક વ્યસ્તતા હતી. બસ આ એક કશમકશનો સમયગાળો હતો. આ દરમિયાન મને મારી એક મિત્રે નિમાયાના ડો.પુજા નાડકર્ણી સિંહનો સંપર્ક કરવા સલાહ આપી. ડો.પૂજા સાથે મિટિંગ બાદ મારી સમસ્યા સમસ્યા જ ન રહી. મારી બધી ચિંતાઓ હવામાં ઓગળી ગઇ. અમે ફ્રોઝન એમ્બ્રિયો ટ્રાન્સફર પદ્ધતિ દ્વારા સારવાર મેળવી. પાંચ વર્ષ બાદ અમે નક્કી કર્યું કે હવે આપણે બાળકની સંભાળ લઇ શકીશું. આજે હું એક કિલ્લોલ કરતા સ્વસ્થ પુત્રની માતા છું. ડો.પૂજા નાડકર્ણી સિંહનો આભાર વ્યકત કરવા મારી પાસે શબ્દો નથી. થેંક્સ ડો. પૂજા. -માતા

ડો. પૂજાએ અમારૂં જીવન સુખી કરી દીધું, થેંક્સ ડોકટર

એક આંત્રપ્રિન્યોર મહિલા પાસે પરિવાર, સમાજ, બિઝનેસ જગતના લોકો કેટલી આશા-અપેક્ષા રાખતા હોય છે જે ફકત મારા જેવી મહિલાઓ જ જાણી શકે છે. બિઝનેસ અને પરિવાર વચ્ચે સંતુલન રાખવું સૌથી અઘરું કાર્ય છે. એક તરફ અમારા બિઝનેસનું એક્સપાન્સન થઇ રહ્યું હતું, મારા અને મારા પતિના પરિવારનું અમારા બંને પર સંતાન માટે સતત દબાણ હતું. અમને કહેવાતું કે 30 વર્ષથી વધુની તો ઉંમર થઇ ગઇ છે, જો હવે સંતાન વિશે નહીં વિચારો તો પછી મુશ્કેલી થશે. કદાચ તમારે બાળક દત્તક લેવું પડશે. ત્યારબાદ અમારા નજીકના સંબંધીએ અમને ડો.પૂજા નાડકર્ણી સિંહ પાસે મોકલ્યા. શાંતચિત્તે અમારી વાત સાંભળ્યા બાદ મોઢા પર સ્મિત લાવી બોલ્યા, ચિંતા નહીં કરો, તમે જ્યારે ઇચ્છશો ત્યારે તમે સંતાનસુખ મેળવી શકશો. 3 વર્ષ પૂર્વે અમે લીધેલી ફ્રોઝન એમ્બ્રિયો ટ્રાન્સફર ટ્રીટમેન્ટથી આજે અમારે આંગણે લક્ષ્મીજી પધાર્યા છે. થેંક્સ ટૂ ડો. પૂજા. -માતા

સુરત : "નિમાયા" : 3 માળ, જશ બ્રાયન્ટ, જુના આર.ટી.ઓ.ની સામે, સુરત-395001. ટે. 0261-6119900
વડોદરા : "નિમાયા" : 4-6 માળ, મધુઝ આઈકોન, યશ કોમ્પલેક્સની બાજુમાં, ગોત્રી રોડ, ગોત્રી, વડોદરા-390021. ટે. 0265-6839900, 8980770044
અમદાવાદ : "નિમાયા" : મરિના વન, ગુરૂદ્વારાની સામે, એસ.જી. હાઈવે, બોડકદેવ, અમદાવાદ-380015. ટે. 079-61199900
Follow us on Instagram (Scan QR Code)
Leading IVF Hospital IN SOUTH GUJRAT SINCE 1995 - SURAT - KILLA PARDI - VAPI (SINCE 2017 A VENTURE OF 21ST CENTURY GROUP OF HOSPITALS) | વેબસાઈટ : www.nimaaya.com